February 2022

# પાટણ પ્રતિબિંબ

PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal — ESTD. 1912 — સેવા ❊ સહકાર ❊ સંગઠન

Year 17 ● Issue 05 / 192
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શાસ્ત્રોક્ત કથન અનુસાર જીવનમાં જ્યારે પ્રબળ પુણ્યોદયનો ઉદય થાય ત્યારે જિનમંદિર નિર્માણ - જિર્ણોદ્ધાર કે જિનબિંબ ભરાવવાનો યોગ પ્રાપ્ત થાય અને એવો જ મહાન યોગ વાલકેશ્વર, મુંબઈ સ્થિત બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વર જૈન દેરાસરમાં ક્ષત્રિયકુંડ મૂળનાયક મહાવીર સ્વામીની પ્રતિકૃતિ સમાન ૨૧''ના રજતમય મહાવીર સ્વામી પરમાત્માને ભરાવવાનો લાભ આપણા સમાજના મલ્લાતના પાડાના **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવારને** તેમજ પ્રતિષ્ઠાનો લાભ **શ્રી અતુલભાઈ ચંદુલાલ શાહ પરિવાર** (અબજી મહેતાનો પાડો)ને પ્રાપ્ત થયો.

આ ઉપરાંત મરીનડ્રાઈવ ખાતે શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી મરીનડ્રાઈવ જૈન સંઘના આંગણે સંઘના જ ભાઈ-બહેનોએ સ્વદ્રવ્યથી ભરાવેલ, ગુરુ ગૌતમ સ્વામીની પ્રતિષ્ઠાનો લાભ સમાજનાં ઢંઢેરવાડાના **શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ** પરિવારને પ્રાપ્ત થયો છે, જેની ખુબ ખુબ અનુમોદના કરતા ધન્યતા અનુભવું છું.

શ્રી પાટણ જૈન મંડળના કોમ્યુનિટી હોલને **''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ''** નામકરણ કરવા રૂા. એક કરોડની સખાવત શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ તરફથી પ્રાપ્ત થયેલ છે. તા. ૩ માર્ચ ૨૦૨૨ના રોજ નામકરણનો કાર્યક્રમ આનંદભેર, અતિઉલ્લાસપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે મંડળના સભ્યો, હોદ્દેદારો તેમજ દાતા પરિવારના સભ્યોની હાજરીથી **''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ''** સંપૂર્ણ ભરાઈ ગયો હતો. શ્રી રાકેશભાઈએ શ્રી પાટણ જૈન મંડળ તેમજ અન્ય સંસ્થાઓને પત્ની ગીતાબેનની પુણ્ય સ્મૃતિમાં કરેલ અનુદાનની ભુરી ભુરી પ્રસંશા આ પ્રસંગે કરવામાં આવી હતી. **(વિશેષ માહિતી આ અંકના પાના નં. ૭ ઉપર ઉપલબ્ધ છે.)**

રવિવાર, તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ પાટણ પ્રિમિયર લીગની ફાઈનલ મેચ નવી મુંબઈ **ડી.વાય.પાટીલ સ્ટેડિયમમાં રમાઈ** જેમાં **એસ.કે. સ્ટ્રાઈકર ટીમ** વિજેતા થયેલ છે. છેલ્લા ત્રણ મહિનાથી શરૂ થયેલ પાટણ પ્રિમિયર લીગની પાંચમી સીરીઝ બહુ સરસ રીતે સંપન્ન થયેલ છે, તે બદલ સૌ ટીમ ઓનર્સ, ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર **શ્રી સૌરીનભાઈ શાહ** (ઢંઢેરવાડો), સૌ બિઝનેશ પાર્ટનર્સ, સંસ્થાની સ્પોર્ટ્સ કમિટીના સભ્યો તેમજ વિજેતા ટીમની સાથે સાથે અન્ય પાંચે ટીમોના ખેલાડીઓને આ ટુર્નામેન્ટમાં સામેલ થઈ સફળતા અપાવવા બદલ ધન્યવાદ આપું છું.

**શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખની ચૂંટણી શનિવાર, તા. ૨૬ માર્ચ યોજવાનું ઠરાવેલ છે, મંડળની મેનેજીંગ કમિટીના સૌ સભ્યોને સંસ્થા તરફથી મળેલ મતાધિકારનો ઉપયોગ કરવા હું નમ્ર વિનંતી કરું છું.**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## પાટણ જૈન વિદ્યાર્થીઓ જોગ

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - અંધેરી શાખામાં માફી વિદ્યાર્થી યોજના અનુસાર દાતાશ્રી ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરીની** એક માફી વિદ્યાર્થી સીટ આ વર્ષે ખાલી થવા પામેલ છે, તો સમાજના જે કોઈ વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી અભ્યાસાર્થે દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ **ડૉ. યશવંતભાઈ ઝવેરી (વિલેપાર્લા) મો. ૯૮૨૦૦૮૮૯૯૭ સંપર્ક કરવો.**

❖ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય પૂના** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિઃશુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહની** માફી વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ **શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ - ૨૨૮૧૭૫૫૯ સંપર્ક કરવો.**











J.P. HAIR PINS
SK We Serve Since 1932
White Divine
trinity entertainment
allied digital IT managed. Responsibly.
FILCO TRADE CENTRE PVT. LTD.
CELFIEDESIGN
Pattani OPTICIANS
HEALTHY CRUNCH by Monika Shah
Healing Pharma
Healing Pharma India Pvt. Ltd.
warmeo love, freshly served
mtm
SMITH ENGINEERING COMPANY
VARSHA EXPORTS

**પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટના બિઝનેશ પાર્ટનર્સ**

# ''પાટણ પ્રિમિયર લીગ'' ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન V

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ કમિટી દ્વારા વર્ષોથી ક્રિકેટ ટુર્નામેન્ટો યોજાય છે. શરૂઆતમાં આઝાદ મેદાન અને ક્રોસ મેદાનની પીચો ઉપર મેચો રમાતી હતી. સમય જતાં મુંબઈમાં વસતા પટ્ટણી પરિવારોના રહેઠાણના એરીયા પ્રમાણેની ટીમો વચ્ચે હરિફાઈ થતી હતી. છેલ્લા પાંચ વર્ષથી ક્રિકેટ ટુર્નામેન્ટનું સ્વરૂપ તેમજ ફોર્મેટ એવી સુંદર રીતે સજાવ્યું છે કે આપણો આખો સમાજ એક યા બીજી રીતે લગભગ ચાર મહિના સુધી ક્રિકેટ ટુર્નામેન્ટના માધ્યમથી ઓતપ્રોત થઈ અનેક રીતે એકબીજાની નીકટ આવી જાય છે. પાટણ સમાજનો યુવાવર્ગ આ ટુર્નામેન્ટ નિમિત્તે એકબીજાને મળતો રહેવાથી યુવાનોમાં શૈક્ષણિક, ધંધાકીય તેમજ અન્યક્ષેત્રે આત્મિયતા થાય છે.

**આ ટુર્નામેન્ટનું જીવંત પ્રસારણ યુટ્યુબ દ્વારા થતું હોવાથી આપણા સમાજનાં તેજસ્વી સીતારાઓની ઉપલબ્ધી સૌ ઘરે બેઠા નીરખી શકે છે.** પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટની મેચોના આયોજનો રાષ્ટ્રીય સ્તરની મેચોની જેમ થાય છે. અને સ્પર્ધાનું સ્તર એટલું ઊંચે પહોંચ્યું છે કે, અન્ય સમાજો અને ક્લબો આપણી ટુર્નામેન્ટને અનુસરે છે તેમજ આપણી સ્પોર્ટસ કમિટીની સલાહ લેવા આવે છે.

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહના** પ્રમુખપદના કાર્યકાળમાં શરૂ થયેલ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ (PPL) આજે શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. મુંબઈમાં રમાતી ક્રિકેટની લીગ મેચોમાં પાટણ પ્રિમિયર લીગ આગવું સ્થાન અને પ્રતિષ્ઠા ધરાવે છે. પાટણ પ્રિમિયર લીગની સફળતા અને પ્રતિષ્ઠાની ઉજળી ઈમારતના આધાર સ્તંભો પાટણ પ્રિમિયર લીગના મુખ્ય સ્પોન્સર, બ્રાન્ડ પાર્ટનર્સ, ટીમ ઓનર્સ, આપણા સમાજના હોંશીલા અને જોશીલા ખેલાડીઓ તેમજ મુખ્યત્વે શ્રી પાટણ જૈન મંડળની સ્પોટ્ર્સ કમિટી અને પાટણ પ્રિમિયર લીગ કમિટીના સભ્યો છે.

ગત બે વર્ષ કોરોનાને કારણે મુંબઈની લીગ મેચોની ટુર્નામેન્ટો થઈ શકી ન હતી, **પરંતુ એ સમયે પણ કોવીડના નિયમોના દાયરામાં રહી પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ ખુબજ સુંદર રીતે સંપન્ન થઈ, તેનો યશ ઉપર્યુક્ત સૌને આપવોજ રહ્યો. આ સીઝનની ફાઈનલ મેચ એસ.કે. સ્ટ્રાઈકર્સ અને એમ.ટી.એમ. રાઈડર્સની** વચ્ચે નવી મુંબઈના ડી.વાય.પાટીલ સ્ટેડિયમમાં યોજાઈ હતી જેમાં એસ.કે.સ્ટ્રાઈકર ટીમે ઝળહળતો વિજય મેળવેલ. **પાટણ પ્રિમિયર લીગ સિઝન Vના સ્પોન્સર્સ શ્રી સૌરીન શાહ (ઢંઢેર વાડો), આ સિઝનની નીચે જણાવેલ ટીમના ઓનર્સ તથા બિઝનેશ પાર્ટનર્સનો પાટણ જૈન મંડળની સ્પોર્ટસ કમિટી હાર્દિક આભાર માને છે.**

**(૧) એસ.કે. સ્ટ્રાઈકર્સ – વીનર્સ**
**(૨) એમ.ટી.એમ. રાઈડર્સ – રનર્સઅપ**
**(૩) કુસુમ વોરીયર્સ**
**(૪) ટર્ફ બ્લાસ્ટર્સ**
**(૫) એસ.પી.એસ. સુપરસ્ટાર્સ**
**(૬) ફિઝિયોનીશ સ્મેશર્સ**

**❑સ્પોટ્ર્સ સમિતિ**

## લાંબી લીટી બનો

**એક શિક્ષકે પાટિયા પર ચાકથી લીટી દોરી છોકરાઓને કહ્યુ: ''આ લીટીને ભૂંસ્યા વગર નાની કરી આપો.'' છોકરાઓ વિચારમાં પડી ગયા. ત્યાં છેલ્લી પાટલી પરથી એક છોકરો ઊઠ્યો. એણે ચાક વડે લીટીની નીચે બીજી એનાથી વધારે લાંબી લીટી દોરી કાઢી કહ્યું: ''જુઓ, સાહેબ, હવે તમારી લીટી નાની થઈ ગઈ કે નહીં?'' શિક્ષક ખુશ થઈ ગયા. તેમણે કહ્યું: ''માણસે જિંદગીમાં આગળ આવવું હોય તો આમ લાંબી લીટી બનવું. કોઈની ઈર્ષ્યા કરવી નહીં, કોઈને પછાડવાનો કે કોઈના ટાંટિયા ખેંચવાનો પ્રયત્ન કરવો નહીં, પણ લીટીની જેમ બીજા કરતાં વધારે પુરુષાર્થી થવાનો પ્રયત્ન કરવો.''**

## પ્રેરણાત્મક વિચારો

o દિવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું, જ્યાં મુકો ત્યાં અજવાળુ કરે છે. o હીરા પારખુ કરતા પીડા પારખુંનું સ્થાન ઉચુ છે.
o જગતમાં બે જ વ્યક્તિ મુર્ખ છે - એક નિંદા કરનાર, બીજો નિંદા સાંભળનાર

**''ન વેરથી વેર શમે, એ સત્ય સાચુ સમજો સ્વીકારો,**
**જાણ્યે અજાણ્યે દુભાવ્યા કોઈએ,**
**તે કાજ માફી હૃદયથી આપો !''**

ક્ષમાપના એ વિશ્વને જૈન ધર્મની અણમોલ ભેટ છે. ક્ષમા આપવી એ હૃદયનો ધર્મ છે. અમેરિકાના પેન્સિલ્વેનિયા રાજ્યમાં ફિલાડેલ્ફિયાથી લગભગ પંચોતેરથી એંશી માઈલ દૂરનો વિસ્તાર અમીશ લોકોની વસાહતો માટે જાણીતો છે. સાત્વિક જીવનશૈલી માટે તેઓ પ્રસિદ્ધ છે.

ખ્રિસ્તી ધર્મનું વિશિષ્ટ રીતે પાલન કરતા અમીશ સમાજની વસતિ સમગ્ર અમેરિકામાં લગભગ ત્રણ લાખ જેટલી છે.

આ વિસ્તારમાં લેકેન્સ્ટર ગામની એક શાળામાં ચાર્લ્સ રોબર્ટ નામનો માણસ બંદૂક લઈને પ્રવેશ કરે છે. નાની બાળાઓ સિવાય બધાને જ વર્ગમાંથી બહાર જવાનો આદેશ આપે છે.

ક્લાસરૂમનું બારણું અંદરથી બંધ કરી બાકી રહેલ દસ વિદ્યાર્થીનીઓ, જેમની ઉંમર માત્ર ૬ થી ૧૩ વર્ષની હતી, તેમના પગ વાયરથી બાંધી દઈ તેમને બ્લેકબોર્ડ તરફ જોતાં સુઈ જવાનું ફરમાન કરે છે, પછી ગોળીઓ છોડે છે. તેમાં પાંચ બાળકીઓ મૃત્યુ પામે છે અને પાંચને ગંભીર ઈજા થાય છે. પોલીસ વર્ગમાં પ્રવેશ કરે તે પહેલાં પોતાની જાતને ગોળીથી વિંધી મૃત્યુ પામે છે. આ કૃત્ય કરવા પાછળનું કારણ એ હતું કે, નવ વર્ષ પહેલાં તેને ત્યાં એક બાળકીનો જન્મ થયો હતો, અને તે માત્ર ૨૦ મિનિટનું આયુષ્ય ભોગવીને મરણ પામી હતી. એ કારણે ઈશ્વર પરથી એની શ્રદ્ધા ઊઠી ગઈ અને ભગવાન સામે બદલો લેવા માટે એણે નક્કી કર્યું કે એ બીજી બાળકીઓને મોતને ઘાટ ઉતારી ઉશ્વર સાથે વેરનો બદલો લેશે. નવ વર્ષ પછી એની વિકૃત માનસિક અવસ્થાનું પરિણામ આ નિર્દોષ બાળકીઓને ભોગવવું પડ્યું, જેમને આ પ્રસંગ સાથે કોઈ નિસબત નથી.


**PATAN CO-OPERATIVE BANK LTD.**

75 Rasik Niwas, Patan Jain Mandal Marg, Marine Drive,
Mumbai - 400020 • EMAIL : ho@patanbank.com

**Required Experienced IT MANAGER/OFFICER**
**To Handle Digital & Online Channels**
**Age: 30 to 45 years**

***Education Qualification :*** Graduation (B.E / B.Tech) or Graduate with Post graduation in MCA from a Recognized University.

***Experience :*** more than 3 years in handling on line channel (System Banking / Digital Banking, Internet Banking, payment solutions, Card based Business) Remuneration will not be constraints for right candidate.

Interested candidates may send their resume by email/ post within 10 days to Chief Executive officer on above mentioned address.

ADVT


જે દિવસે આ બન્યું તે દિવસે જે પૌત્રી મૃત્યુ પામી છે એ બાળકીના પિતામહે પોતાના પરિવારના યુવાનોને ચેતવણી આપીને કહ્યું કે, 'જેણે આ ઘાતકી કામ કર્યું છે તેના તરફ આપણાથી ધિક્કારની ભાવના ન રખાય, એના પ્રત્યે આપણે દ્વેષ રાખવાનો નથી.' બીજા એક પિતાએ કહ્યું, 'એને માતા-પિતા છે, પત્ની છે, બાળકો છે અને હવે એ પરમ કૃપાળુ પરમાત્માના દરબારમાં જઈને ઊભો છે, એ એનો ન્યાય કરશે.'

તે દિવસે અમીશ સમાજની એક પણ વ્યક્તિ એવી નહોતી કે જે ઈચ્છતી હતી કે એના તરફ ઘૃણાની ભાવનાથી જોવામાં આવે. સૌ ગુનેગારને ક્ષમા આપવાની મનઃ સ્થિતિમાં હતા. આ કેટલી મોટી વાત છે!

અધ્યાત્મચિંતન અને જીવનવ્યવહારમાં કેટલી ઊંચી ભૂમિકાએ પહોંચ્યા હશે ત્યારે જ આવું બની શકે. આપણે ત્યાં કહેવાય છે કે ક્ષમા વીરસ્ય ભૂષણમ્ કે 'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં.' તો આ લોકોએ તો ખરેખર એ હત્યારાને માફ કરી દીધો, કારણ કે એમના ધર્મનું ફરમાન છે. તેઓ એ માણસની પત્ની પાસે પણ ગયા અને કહ્યું કે, તેઓ એના પતિને માફ કરે છે.

એક અમીશે તો ધ્રુસકે ધ્રુસકે રડતા ગુનેગારના પિતાને બાથમાં લઈ કલાક સુધી સાંત્વન આપ્યું. તેના પરિવાર માટે એક ચેરિટેબલ ફંડ ઊભું કર્યું. ૩૦ જેટલા અમીશ કોમ્યુનિટીના સભ્યો ગુનેગારના અંતિમસંસ્કાર વખતે હાજર રહ્યા. કલ્પનામાં પણ ન આવે એવો આ પ્રતિસાદ છે. આ આખા પ્રસંગને લક્ષ્યમાં રાખીને Forgiving the Unforgivable theme હેઠળ Amish Grace નામની એક ફિલ્મ બની છે.

અમીશ સમાજે અલૌકિક રીતે આ પ્રસંગમાં સમતા રાખી ક્ષમા આપી. નિજી ધર્મના ફરમાનનું પાલન કર્યું.

ક્ષમાભાવ ગમે તેવા અપરાધીનું જીવન પરિવર્તન કરાવી શકે છે. પ્રભુવીર કહે છે કે, ક્ષમા રોષને જીતે છે, પ્રેમ દ્વેષને જીતે છે. એ શોકાગ્ર કુટુંબના સભ્યોએ મનને સમતારસના અમૃતકુંડમાં ઝબોળી દેવાથી તે સર્વેના જીવનમાં ક્ષમાની મહેંક પ્રસરી ગઈ.

❑ **સૌજન્ય - 'જૈન પ્રકાશ'**


**ઘર વેચવાનું છે**

**વસંત વીલા, મહાલક્ષ્મી માતાનો પાડો,**
**ત્રણ દરવાજા, પાટણ**

**Carpet 1270 Sq.ft. Ground + 2 Floor, 2 Terrace,**
**4 Balcony, 4 Bathroom, 2 Side Gate (Mohalla Attached)**

**Contact No. :**
**9422086370/9850057272/9049873427**

ADVT

## તંત્રી સ્થાનેથી...

# દેશમાં ''સરસ્વતી અભિયાન''ની આવશ્યકતા...

છેલ્લા કેટલાક દિવસોથી રશિયા-યુક્રેન યુદ્ધે સમગ્ર વિશ્વને અનેક રીતે અસર કરી છે. ઓઈલ-ગેસ-મેટલ તેમજ વિશ્વના શેરબજારોમાં આ યુદ્ધના કારણે મોટી ઉથલ-પાથલ થઈ છે. **વિશ્વમાં સમર્થ મહાસત્તાઓ ફાવે તેમ મન-માની કરી, દૂરાચાર આચરી** પોતાને અનુકૂળ કારણો આપી નિર્દોષતાના દેખાવો કરે છે. અગાઉ વિશ્વએ ઈરાક-અફઘાનિસ્તાન-સીરીયા-વિયેટનામ આમ અનેક ઠેકાણે આ જોયું અને અનુભવ્યુ છે. કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વગર પૂર્વયોજિત કાવતરાપૂર્વક આ વખતે રશિયાએ યુક્રેન ઉપર યુદ્ધ છેડ્યું છે. **''કહીં પે નિગાહેં... કહીં પે નિશાના'' પંક્તીઓ** જગતની મહાસત્તાઓને માટે લખાઈ હોય એવું હવે લાગી રહ્યું છે. જગત આખાને અણુબોમ્બની ધાકમાં રાખી સ્વચ્છંદતાપૂર્વક વર્તતી મહાસત્તાઓ ઉપર અંકુશ રહે તે માટે **'યુનો'નાં** ઢાચાને નવું સ્વરૂપ આપવાની જરૂર છે.

આપણા દેશે આ યુદ્ધ બાબત તટસ્થ વલણ અપનાવી **''જગતકાજી''** બનવાનું ટાળ્યું છે અને દેશહીતને ધ્યાનમાં રાખી પગલા લીધા છે. તે સર્વથા યોગ્ય અને આવકાર્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સત્તા ઉપર આવ્યા ત્યારથી **''ક્લીન ગંગા''નો** પ્રોજેક્ટ શરૂ કરી ગંગાનદીમાં પ્રદુષણ રોકી સ્વચ્છતા લાવ્યા છે. વર્તમાન યુદ્ધના સમયમાં યુક્રેનમાં ફસાયેલ સેકંડો ભારતીય વિદ્યાર્થીઓને સહી સલામત સ્વદેશ પાછા લાવવા **''ઓપરેશન ગંગા'' હેઠળ ભારતીય હવાઈ દળના વિમાનોને તેમજ ચાર કેન્દ્રિય પ્રધાનોને યુક્રેનની સરહદ નજીકના પોલેન્ડ, હંગેરી જેવા આપણા મિત્ર દેશોમાં રવાના કરી ભારતીયોને ઉગારવાના કાર્યને પ્રાથમિકતા આપી છે તે આવકાર્ય છે.**

આ યુદ્ધમાંથી આપણા દેશે પણ ઘણું શીખવાનું છે. નિષ્ણાંતો દ્વારા યુદ્ધ વિરામબાદ વિશ્લેષણો થશે અને આપણા શાસકો દેશહીતમાં ભવિષ્યમાં નિષ્ણાંતોની ભલામણો મુજબ કદાચ અમલ પણ કરશે જ.

**પરંતુ એક સાદીસીધી સમજ પ્રમાણે આપણા દેશમાંથી લાખો વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ તેમજ મેડિકલ શિક્ષણ મેળવવા વિદેશ જાય છે. અગાઉની સરકારી નીતિઓને કારણે શિક્ષણ મેળવવા લાખો રૂપિયાના ડોનેશનો આપવા પડે છે. મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ રાજકારણીઓ દ્વારા ચાલતી ''પૈસા કમાવવાની દુકાનો છે''** ડોનેશનોની માંગણી એટલી **''બેફામ''** હોય છે કે મધ્યમવર્ગનો પરિવાર બેન્કમાંથી વ્યાજે પૈસા લઈ વિદ્યાર્થીને વિદેશ ભણવા મોકલે તે સસ્તુ પડતું હોય છે. એટલે જ હજારો ભારતીય વિદ્યાર્થીઓ રશિયા અને એમાથી છૂટા પડેલ દેશો અઝરબૈજાન - જ્યોર્જીયા - યુક્રેન જેવા અનેક દેશોમાં ભણવા જાય છે. વર્તમાન સરકાર **''ઓપરેશન ગંગા'' પુર્ણ કરે કે તરત જ દેશમાં શિક્ષણ માટે ''સરસ્વતી અભિયાન'' શરૂ કરવાની જરૂર છે.** આપણા દેશમાંજ ભ્રષ્ટાચાર અને ડોનેશન વગર વિદેશ કરતા સારું શિક્ષણ મળે તેવી વ્યવસ્થાઓ કરવાની અત્યંત આવશ્યકતા છે. આમ કરવાથી આપણા વિદેશી હુંડીયામણની ઘણી બચત થશે અને સમયાંતરે થતી લડાઈઓમાં આપણા વિદ્યાર્થીઓ અને વાલીઓની કનડગત નહીં થાય.

**સૌ દેશવાસીઓને વિશ્વાસ છે કે, ''મોદી હે તો મુમકીન હે''...** દરેક રાજ્યોમાં કેન્દ્રસરકાર મોટા પ્રમાણમાં ઉચ્ચ શિક્ષણની કોલેજો શરૂ કરી **''સરસ્વતી અભિયાન''ને** અંજામ આપી દેશહીતના આ કાર્યને પ્રાધાન્ય આપશે તો આપણા દેશને હાલના યુક્રેન-રશિયા યુદ્ધની ભવિષ્યમાં સકારાત્મક અસર જરૂર દેખાશે.

❑ સંપાદક સમિતિ









**જૈનો માટે સોનેરી તક : 100% only Veg અને જૈન ભોજન સાથે,**
**પ્રવાસ કરો GEM TOURS (Since 1983) સાથે ભારત અને વિદેશના ખૂણે ખૂણે.**

❖ Kashmir - Leh (GEM Catering, Chef)ના ફુડ સાથે. Himachal, Darjeeling, Sikkim, Andaman Iceland, Kerala, Orange County (Coorg-Kabini-Hampi) અને બીજા અનેક Domestic Sectors.

❖ Mahabaleshwar (Panchgini) 6 acre Estate માં ફેલાયેલું 7 Bedrooms Villa with pvt chef, pvt pool, 14 થી 24 જણા માટે perfect with good deal.

❖ ભારતનું પહેલું pvt Hill Station: Paraiso Resort (Igatpuri) Lake ને અડીને, પર્વત ઉપર, Valley તથા Forest થી ઘેરાયેલું, 35,000 Sq.ftમાં ફેલાયેલુ.

**On Booking of 2 nights, 1 night free (during week days)**

Also ideal for Events and Destination Weddings.

**ALL MAJOR INTERNATIONAL DESTINATIONS -**

Europe, USA, Canada, South Africa, Croatia, Turkey, Iceland, Balken Countries, Newzealand, Australia, Dubai, Far East Countries and many More.

GEM™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

**Call : Nimesh Shah (Zaveri Wado) Mo. 9819213455**

ADV.

# પાટણના જૈન મંદિરોમાં કાષ્ટ શિલ્પો

સૃષ્ટિના સર્જન સાથે કલાનો પ્રાદુર્ભાવ કુદરતી તત્વોમાંથી થયો. જેમ જેમ પ્રજા તેને પિછાનવા લાગી તેમ તેમ તેનાં તાત્વિક સ્વરૂપો માનવહૃદયને આકર્ષિત કરતાં, તેના પ્રત્યે આનંદની અભિપ્સા જગાડવા લાગ્યા. આમ કલાનો જન્મ વિશ્વ કલાકારની અદ્‌ભુત નિર્માણ કલામાંથી થયો. જેની અનુકૃતિ કરી માનવ-કલાકારો, જુદા જુદા સ્વરૂપે સમાજની સમક્ષ તેનાં પ્રતિકો રજુ કરવા લાગ્યા. આવા નૈસર્ગિક કલાપ્રતિકોમાં કલાકારની જેટલી તન્મયતા, તેટલી જ તેની કલાકૃતિની વિશિષ્ટતા. કલાના વિવિધ ભેદોમાં શિલ્પ, સંગીત અને ચિત્રકલાનું સ્થાન મૂર્ધન્ય ગણાય. જો કે શાસ્ત્રમાં તો કલાના ચોસઠ ભેદો નિરૂપ્યા છે. પરંતુ આ ત્રણ મુખ્ય કલાઓએ સારાએ વિશ્વમાં રંગબેરંગી સ્વરૂપે ખૂબ વિકાસ સાધ્યો હોવાથી, બધી કલાઓમાં તેનું સ્થાન મોખરે છે. ભારતમાં આ ત્રણે કલાઓનો સાર્વત્રિક પ્રચાર થતાં જુદા જુદા યુગોમાં તેનું વૈવિધ્ય અવનવી રીતે પ્રકાશમાન થયું છે.

રાજામહારાજાઓથી આરંભી સામાન્ય આદિવાસીઓ સુધીની પ્રજાએ, તેને પોતપોતાની રીતે અપનાવી છે, પૂજી છે અને સન્માની છે. આ પૈકી શિલ્પકલા એ વિશ્વકર્માનું ગહન શાસ્ત્ર છે. વિશ્વની દરેક પ્રજાએ શિલ્પનો સ્વીકાર ઓછે-વત્તે અંશે કરેલો જ છે, શિલ્પકલા પાષાણમાં મુખ્તઃ આજે જોવામાં આવે છે, પરંતુ તેના સિવાય કાષ્ટ, ધાતુ, મૃત્તિકા અને બીજા અનેક દ્રવ્યોમાં ઉતારવાના પ્રયાસો તેના તદ્‌વિદોએ કર્યા છે. આવા કલા સર્જનો અતિ પ્રાચીન કાળથી તેના કલાકારોએ બનાવી અપૂર્વ કલાસાધનાના અમર પ્રતિકો પ્રજા સમક્ષ રજુ કર્યા છે.

**પાટણની કાષ્ટકલા સમૃદ્ધિઃ**

પાટણ એ પ્રાચીન રાજધાનીનું નગર હોઈ ત્યાંની પ્રજાએ પણ કાષ્ટકલાને સારો એવો આવકાર આપ્યો હોવાનું જાણવા મળે છે. કેટલાએ પ્રાચીન મકાનોના ઝરૂખાઓ, જાળીઓ, કમાડો, ગોખલાઓ અને નવ ખાનાઓના કબાટોની અદ્વિતીય કલામય કોતરણીના વિવિધ પ્રતિકો હમણાં સુધી જોવા મળતા હતા.

કાષ્ટશિલ્પકલાને વધુ ઉત્તેજન, પાટણના જૈન શ્રેષ્ઠિઓ તરફથી મળ્યું હતું. તેઓએ પોતાના મકાનોમાં તો તેના અપૂર્વ શિલ્પો કંડાર્યા હતા. તેટલું જ નહીં પણ પોતાના ગૃહમંદિરોમાં, નિત્ય સેવા કરવાના સ્થાને અદ્‌ભુત કલાકૃતિઓથી શણગારતા, જેનાં અનેક પ્રતિકો આજે પણ ઘણાંખરા ઘરોમાંથી જોવા મળે છે. આથી પણ વિશેષ કાષ્ટ શિલ્પોની સુંદર કલા તેઓએ મંદિરમાં અવતારી છે. પાટણમાં જૈનાશ્રિત કાષ્ટશિલ્પકલાના, આવા કમનીય ફલકો આજે કેટલાંયે મંદિરમાં વિદ્યમાન છે. જેને જોતાં કલાપ્રેમી મનુષ્ય મુગ્ધ બની પ્રાચીન કલાકૃતિઓ પ્રત્યે પ્રસંશાના પુષ્પ વેરે છે. આવા વિરલ કાષ્ટકલાના ફલકોની થોડીક ઝાંખી અત્રે અહીં રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે.

**જૈનાઆશ્રતિ કાષ્ટશિલ્પોઃ**

પાટણના જૈન મંદિરો પૂર્વકાળમાં મોટે ભાગે કાષ્ટનાં જ બનાવેલ હોવાનું અનુમાન છે. જો કે દિવાલો અને અગાશી પુરતા ભાગો ઈંટ પથ્થર કે ચુનાના બનાવતા, પરંતુ સ્તંભો, મહેરાબો, ઘુમટો અને દ્વારો વગેરે કાષ્ટના બનાવી તેમાં કાષ્ટકલાકૃતિઓના અભિનવ સુશોભિત ખાસ રજુ કરતા. ઝવેરીવાડાના મહોલ્લામાં આવેલ વાડી પાર્શ્વનાથના મંદિરનો મંડપ તો, કાષ્ટકલાકૃતિનો અદ્‌ભૂત નમૂનો ગણાતો. લગભગ સંવત ૧૬૫૨ લગભગ બંધાયું હોવાનો શિલાલેખ છે. જેના આધારે તે મંદિર વિક્રમના સત્તરમાં સૈકાનું ગણાય. આ મંદિરનો રંગમંડપ કાષ્ટમય બનાવ્યો હતો જેમાં તેના કલાકારે પાષાણની માફક અભિનવ કલાને કાષ્ટમાં ઉતારી હતી. આ મંડપનો ઘુંમટ સવા અગિયાર ફુટ ઊંચો બનાવ્યો હોઈ, તેમાં વિતાનોની કલા પાષાણના મંડપોને અનુરૂપ રજૂ કરતાં, મધ્યમાં પદ્મલંબક બનાવ્યો હતો. ઘુંમટના દરેક વિતાન (પટ્ટાઓ)માં ઝીણી ઝીણી કલામય કોતરણી બનાવી જૈન તીર્થંકરોના જીવનમાંથી કેટલાંક ભાવો કોતર્યા હતા. તેમાં ફરતી આઠ સંગીત વિદ્યાધરીઓ મુકી, તે દરેકના હાથમાં સંગીતના ઉપકરણો - વાદ્યો મુકવામાં આવેલાં. આ પૈકી કેટલીક તો નૃત્ય કરતી હોય તેવી મુદ્રાઓ પણ તેમાંથી વ્યક્ત થતી. દરેકના પગ પાસે બે પારિપાશ્વિકો, વાદ્યો સાથે બેઠેલા મુક્યા હતા. નીચે આઠ દિકપાલો, ઈંદ્ર, અગ્નિ વગેરેને તેઓની નિયત કરેલી દિશા પરત્વે સ્થાપના કરેલા જણાતા હતા. આ દરેક દિકપાલના પગ પાસે તેઓના વાહનો મુકવામાં આવેલા. આ મંડપની ચારે દિશામાં તોરણો યુક્ત ચાર નાના દ્વારો હતા. આ દ્વારો ઉપર અને તેની ભીંતોમાં ચારે બાજુ નૃત્યાંગનાઓ નૃત્ય કરતી, તેમજ વાદ્યો વગાડતી રજુ કરી તેના ઉપરના પટ્ટાઓમાં હંસાવલી હંસની લાંબી લાઈનો તેમજ બીજા આલંકારિક સુંદર સુશોભનો કોતર્યા હતાં. દરેક દ્વાર ઉપર ગજલક્ષ્મી, તેની બન્ને બાજુ વાદ્ય વગાડતાં સંગીતકારો અને અભિવાદન કરતાં શ્રાવક-શ્રાવિકાઓનાં કલાપૂર્ણ ચિત્ર કોતરવામાં આવ્યા હતાં આખો મંડપ કાષ્ટમય હોવા છતાં, જાણે પાષાણનો જ બનાવ્યો ન હોય! તેવું સુંદર કલામય કામ તેમાં કંડારાર્યું હતું. આજે તો આ જૈન મંદિર નવું બંધાતા આ અદભુત કલાકૃતિનો નમુનો દૂર કરાયો છે.

કપૂર મહેતાના પાડામાં આવેલ મંદિરમાં, ઢંઢેરવાડાના મહાવીરસ્વામી જિનાલયમાં, ફોફલિયાવાડાની પોળની શેરીના શાંતિનાથ જિનાલયમાં, વસાવાડામાં જૈન મંદિરમાના ઘુંમ્મટો કલાની દ્રષ્ટિએ અનુપમ કહી શકાય. આ દરેક ઘુમટોની પાષાણના ઘુંમટો જેવી સ્તાપત્યની દ્રષ્ટિએ રચના કરેલી હોઈ તેના વિવિધ વિતાનો કાષ્ટમાં શાસ્ત્રીય રીતે ઊતાર્યા છે. વધુમાં તે દરેકનાં પદ્મલંબકો પણ ઝુલતા ઝુમ્મરો જેવાં બનાવી, કાષ્ટમાં પાષાણકલાનો આભાસ કરાવ્યો છે. તેમાં નૃત્યાંગનાઓ પારિપાર્શ્વકો, દિક્‌પાલો અને વિદ્યાધરોને પણ કેટલાકની અંદર મુકેલા છે. કોઈ કોઈ ઘુંમટોમાં તીર્થંકરોના પણ સ્વરૂપો જોવામાં આવે છે જોકે રંગરોગાનથી કેટલાક મંડપોની આ કલા ઢંકાઈ ગઈ છે. છતાં પાટણમાં આવા કાષ્ટમય કલામંડપો, ઘુંમટો વગેરે બનાવવાની પરંપરા પંદરમાં સૈકા પૂર્વથી ઉતરી આવી હોવાનું વાડી પાર્શ્વનાથના મંડપ ઉપરથી જાણી શકાય છે.

**ક્રમશઃ**

# વ્યક્તિ વિશેષ શ્રી રાકેશભાઈ શાહનો સંક્ષિપ્ત પરિચય

**શ્રીમતી શાંતાબેન તથા શ્રી કાંતિલાલ રતનચંદ શાહના ઘરે એક કુળદીપકનો તા. ૨૬-૦૫-૧૯૫૪માં જન્મ થયેલ જેનું નામ રાકેશભાઈ.** તેઓ છ ભાઈ-બહેનોમાં સૌથી મોટા, તેમની યુવાવસ્થામાં જ માતા-પિતાનું છત્ર શિરેથી ખસી જતાં તેમને જીવવા માટે ઘણા જ સંઘર્ષો કરવા પડ્યા હતા.

તેમને નાનપણથી લખવાનો અને ચિત્રકામનો વિશેષ શોખ હતો, જેથી શાળા કોલેજોની ઘણી સ્પર્ધાઓમાં તેઓએ ભાગ લઈ પારિતોષિકો મેળવેલ છે.

શ્રી રાકેશભાઈએ અમદાવાદ ખાતે બી.કોમ.ની પદવી મેળવી સને ૧૯૭૩માં મુંબઈ આવ્યા અને કેમિકલ મેન્યુફેક્ચરીંગનો નાના પાયે વ્યવસાય આરંભ્યો અને ટૂંક સમયમાં જ વ્યવસાયનો વ્યાપ વધારવામાં સફળ રહ્યા. સને ૧૯૭૪માં કુંભારીયા પાડાનાં શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી ગીતાબેન સાથે લગ્ન ગ્રંથથી જોડાયા.

જૈન ધર્મના મુનિભગવંતોના સાંનિધ્યમાં રહી ધાર્મિક, આધ્યાત્મિકતાનું શિક્ષણ મેળવવા ઊંડો અભ્યાસ કર્યો અને તેના સુપરિણામ સ્વરૂપ સમાજનાં જરૂરિયાતવાળા પરિવારોને મદદરૂપ થવા શિક્ષણ, દવા, હોસ્પિટલ અને ઓલ્ટરનેટીવ થેરાપી વગેરે ક્ષેત્રે શક્ય હોય તે રીતે નાના-મોટા દાન આપી તેઓના હાથ ઝાલ્યા. તેઓએ **''અંતર હશે તો ચાલશે, પણ સંબંધના મુળીયા મજબુત રહેવા જોઈએ''** સૂત્ર પોતાના જીવનમાં વણી લીધેલ.

શ્રી રાકેશભાઈ દ્વારા તાજેતરમાં મરીન ડ્રાઈવ ખાતેના કોમ્યુનિટી હોલ સાથે નામ જોડવાની શરતે રૂપિયા એક કરોડની સખાવત મંડળમાં અર્પણ કરવામાં આવેલ છે, આ ઉપરાંત તેમના દ્વારા વિવિધ ક્ષેત્રોએ કરાયેલ અનુદાનોની આંશિક ઝલક.

૧. બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ, વાલકેશ્વર સાધર્મિક ભક્તિ અભિયાન.
૨. ક્વીન્સ એલીઝાબેથ હૉસ્પિટલ - વાલકેશ્વર - ICU યુનિટને નામકરણ.
૩. શ્રી સરસ્વતી શીશુમંદિર વિદ્યા સંકુલ - પાટણ માટે ગુજરાત રાજ્યના ગર્વનર શ્રી ઓ.પી. કોહલી તેમજ ગુજરાત રાજ્યના માજી મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે એવોર્ડ એનાયત.
૪. શ્રી સરસ્વતી વિદ્યા સંકુલ, શંખેશ્વર નામકરણ.
૫. દશા પોરવાડ જૈન જ્ઞાતિ ગીતા કાર્યાલય, ભોજન શાળા, પાલડી (અમદાવાદ) નામકરણ
૬. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા ''ગિરનાર એવોર્ડ.''
૭. પાલિતાણા, પાટણ, જોધપુર, મોડાસા તથા અન્ય ધાર્મિક સ્થળોએ જિન બિંબ ભરાવવા - જિનાલય પ્રતિષ્ઠા, ઉપાશ્રય તથા ભોજન શાળા માટે ઉદાર હાથે આર્થિક યોગદાન
૮. જીવદયા, પ્રજ્ઞાચક્ષુ શાળા, કલાકેન્દ્ર અને કુદરતી ઉપચાર કેન્દ્રો ઉપર નામકરણ.


જાન્યુઆર-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રીમતી વસુબેન મહાસુખલાલ જેશંગલાલ શાહ (ચોધરીની શેરી) | ૫,૦૦,૦૦૦ |
| સ્વ. શ્રી ચિનુભાઈ નેમચંદ શાહ, હ. પ્રદિપભાઈ રમણલાલ શાહ | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ, (ખજુરીનો પાડો) ઉપધાન તપ નિમિત્તે | ૧,૦૦,૦૦૦ |
| જે.કે. શાહ ફાઉન્ડેશન (ભાભાનો પાડો | ૬૨,૦૦૦ |
| શ્રીમતી ગુણવંતીબેન મહેતા, હ. શ્રી રોમીભાઈ મહેતા | ૪૫,૦૦૦ |
| શ્રી મહેશભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | ૩૭,૦૦૦ |
| શ્રીમતી વિરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો) હ. શ્રી અજયભાઈ (સિદ્ધચક્ર પુજન નિમિત્તે) | ૨૭,૧૨૬ |
| શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) | ૨૫,૦૦૦ |
| શ્રી ઈઝરાયલ જૈન સંઘ | ૨૫,૦૦૦ |
| શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ (કેમ્પસકોર્નર) | ૨૧,૦૦૦ |
| M/s. Pack - Print Ind (અબજી મહેતાનો પાડો) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી પ્રતિમાબેન નરેન્દ્રભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રી જવાહરનગર શ્વે. મુ. જૈન સંઘ (ગોરેગામ) | ૨૧,૦૦૦ |
| શ્રી પાયલબેન જયેશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી આદેશ્વર શ્વે. મુ. જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| શ્રી ધીરેનભાઈ હસમુખભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી મરીનડ્રાઈવ જૈન સંઘ, પ્રતિક્રમણ કરતી બહેનો | ૧૧,૦૦૦ |
| શ્રીમતી દેવીબેન અનિલભાઈ મહાસુખલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી વિપુલભાઈ જે. શાહ (કુંભારીયા પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કાંદિવલી શ્વે. મુ. જૈન સંઘ, હ. જેનમી મીહીર શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્રભાઈ પંચોલી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી સરોજબેન હસમુખલાલ ઝવેરી, (ચોધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મંગલાબેન મહાસુખભાઈ શાહ | ૧૦,૦૦૦ |
| શ્રીમતી વિરબાળાબેનના આત્મશ્રેયાર્થે, હ. શ્રીમતી કાનનબેન નિરંજનભાઈ પરિવાર | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# પ્રશ્ન છે આપણી પાત્રતાનો

ભારતીય પરંપરામાં ધર્મ અને નીતિ બન્નેનું ખૂબજ મહત્વ છે. માણસના જીવનમાં પણ આ બે અગત્યના પાસા છે, જે માણસમાં આ બન્ને પરિબળો હોય તે યોગ્ય પાત્રતા પોતાના જીવનમાં કેળવી લે છે અને તેનું જીવન ઉત્તમ કક્ષાનું બની રહે છે. તો કેટલાંક લોકો એવા પણ છે કે જીવનના અંત સુધી પાત્રતા કેળવી શકતા નથી અને સાવ જ સામાન્ય અર્થ વગરનું જીવન જીવે જાય છે.

એક પ્રાચીન કથા છે, એક ગામની સીમમાં એક સંત નાની કુટીરમાં રહેતા હતા. આસપાસનું વાતાવરણ ખૂબજ શાંત હતું, સંતની કુટીરથી નજીકમાં એક ખેતર અને એક કુવો હતો. સંત પાસે બે બકરીઓ હતી, ગામના લોકો આવતા-જતાં સંતને મળતા અને તેમનું ધ્યાન રાખતા હતા. એક વખત એક નવયુવાન ફરતો ફરતો કુટીર પાસે આવી પહોંચ્યો. સંતના દર્શન કરી તેમને પગે લાગીને વંદન કર્યા. અને કહ્યું; ''કૃપા કરીને આપ મને ઈશ્વર, જગત અને ચેતન આત્મા વિશે કંઈક જ્ઞાન આપો, સમજણ આપો. હું ઘણા બધાં મંદિરોમાં આશ્રમોમાં, મઠોમાં ફરી ફરીને આવ્યો છું. થાકી ગયો છું, પણ મારા મનનું સમાધાન થાય તેવો ઉપાય મળ્યો નથી. આપશ્રી મને એવો બોધ કરો કે મારા મનનું સમાધાન થઈ જાય અને મને જીવનની સાચી નવી દિશા પ્રાપ્ત થાય.''

સંતે યુવાન સામે ધારદાર નજરે જોયું, કંઈક વિચાર આવી ગયો, મનોમન કંઈક નિર્ણય કરી બોલ્યા, ''સારું થયું તું આવી ગયો હું પણ કોઈ યોગ્ય શિષ્યની શોધમાં જ હતો. પરંતુ અત્યારે મારી પાસે પીવાનું પાણી નથી તેથી હું ઘડો લઈને સામે કુવામાં પાણી ભરવા જ જતો હતો, હવે તું આવી ગયો છે તો જા, પાણી ભરી લાવ ત્યાં સુધી હું કંઈક ભોજનનો પ્રબંધ કરી લઉ.''

યુવક પાણીનો ઘડો ભરીને લઈ આવ્યો, સંતે તેને કુટીરની પાછળ પડેલો એક માટીની કોઠીમાં પાણી ભરવા કહ્યું અને બીજો ઘડો ભરીને લાવવા કહ્યું. યુવાને પહેલા ઘડાનું પાણી જેવું કોઠીમાં ઠાલવ્યું કે કોઠીના તળિયેથી પાણીનો રેલો બહાર નીકળી ગયો. યુવાને કોઠીની અંદર નજર કરી તો કોઠી જ તળિયા વગરની હતી. તે સંત પાસે આવીને બૂમ પાડતાં બોલ્યો, ''સ્વામીજી, આ કોઠીને તો તળિયું જ નથી, પછી તેમાં પાણી કેવી રીતે રહે ?''

સંતે ખૂબજ શાંતી અને સ્વસ્થતાપૂર્વક યુવાનને કહ્યું, ''હવે તું ઘડો બાજુ પર મુકીને અહીં આવી જા. આ નાસ્તો તૈયાર કર્યો છે તે પહેલાં લઈ લે પછી પાણીનું કંઈક કરીએ.'' વળી પાછુ યુવાને પૂછ્યું, ''સ્વામીજી, તમે મને બોધ ક્યારે આપશો ? મારે તમારી પાસે કેટલા દિવસ રોકાવું પડશે ?''

સંતે સાવ બેપરવાઈથી કહ્યું, ''હવે તારે વધારે શું જાણવું છે ? બોધ તો મેં તને આપી દીધો. યુવાન ને તો કંઈ સમજાણ જ ના પડી. તે બોલ્યો, ''સ્વામીજી ! હજુ તમે મારી સાથે કંઈ ધર્મ ચર્ચા કરી નથી ત્યાં બોધ કેવી રીતે આપ્યો ?''

સંતે મંદ મંદ સ્મિત કરતા કહ્યુ; ''કેમ ઘડાનું પાણી ઢોળાઈ ગયું તે જોયું ને બસ, એમાં બધી વાત આવી ગઈ.'' યુવાન તો અવાચક થઈ ગયો, અધીરો થઈ ગયો. ''સંત ! મને તમારી વાત સમજાતી નથી. જરા સ્પષ્ટતાથી સમજાવો તો સારુ''

સંતે પ્રેમથી યુવાનના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું, ''વત્સ તળિયા વિનાના પાત્રમાં પાણી ન ટકે, પાણીને રોકવા માટે કોઈ આધાર જરૂરી છે.''

''બસ, આ જ રીતે તું ઈશ્વરને, જગતને, ચેતન આત્માને જાણવા માટે મંદિરો, મઠો, આશ્રમમાં ફર્યો તો પણ તું ખાલી ને ખાલી જ રહ્યો. આ ત્રણે તત્વોને જાણવા, સમજવા અને પ્રાપ્ત કરવા માટે પણ તારી પાસે પાત્રતા જોઈએ.''

વાત નાની છે, આપણે સૌ સંતોના પ્રવચનો મહિનાઓ કે વર્ષોના વર્ષો સુધી સાંભળીએ છીએ. મંદિરમા જઈને પૂજા પાઠ ભક્તિ બધું જ કરીએ છીએ છતાં પણ ભીતરથી ખાલી ને ખાલી જ રહીએ છીએ કારણ કે આપણા પાત્રને કાં તો તળિયું જ હોતું નથી અને જો છે તો તેમાં અનેક દોષો, અવગુણો છિદ્રો પડલા છે જ્યાથી ધર્મની વાતો બહાર નીકળી જાય છે. ધર્મથી ભાવભીના થવાની બદલીમાં સાવ કોરા ને કોરા જ રહીએ છીએ. તેમ છતાં ધર્મને શોધતા રહીએ છીએ ચેતન આત્માને અને જગતને ઓળખવાના પ્રયાસો જ કર્યા કરીએ છીએ. શાસ્ત્રોના અભ્યાસો કર્યા કે સંતોની વાણી સાંભળી પણ બધું જ વ્યર્થ આમને આમ જ આપણે અધૂરા પાત્રમાં રહી ગયા. આપણામાં ગ્રાહકતાનો ગુણ હશે તો આપણે ગમે ત્યાંથી સહજતાથી જ્ઞાન મેળવી શકીશું અને જીવનનો સાચો રાહ પ્રાપ્ત કરી શકીશું.

પરંતુ સૌથી મોટો પ્રશ્ન છે આપણી પાત્રતાનો

***''ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,***
***મ્હારાથી નહીં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ !***
***મુક્તિ મંગલસ્થાન ! તો ય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી***
***આપો સમ્યગ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી.''***

અસ્તુ !

❑ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

## શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ

પાટણ ગોળશેરીમાં મંડળ તરફથી શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિમાં સાધુ-સાધ્વી ભગવંતો તથા મુમુક્ષુઓને અભ્યાસ કરાવવાનો લાભ મળી રહ્યો છે. જણાવતા આનંદ થાય છે કે, હવે **ન્યાયના વિષયનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં જોડાયેલા પંડિતવર્ય શ્રી ધનંજયભાઈ જૈન તથા પંડિત વર્ય શ્રી રાજુભાઈ છેડા વ્યાકરણ તથા બીજા અનેક વિષયોનું અધ્યયન કરાવી આ મંગલ પ્રવૃત્તિમાં યોગદાન આપી રહે છે.**

શ્રુતજ્ઞાનની આ પ્રવૃત્તિ માટે આપના સંપર્કમાં હોય તે સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુ તથા જ્ઞાન પિપાશુ શ્રાવક-શ્રાવિકાઓને પાટણ પધારવા વિનંતી છે. રહેવા તથા જમવાની વગેરે વ્યવસ્થા / સગવડ સંસ્થા દ્વારા નિઃશુલ્ક કરવામાં આવશે.

**સંપર્ક : શ્રી યતિનભાઈ ઝવેરી મો. ૯૨૨૩૨૩૧૪૭૦**
**શ્રી કમલેશભાઈ ઝવેરી મો. ૯૮૨૦૦૭૦૯૮૧**

**પાના નં. ૧૨ થી ચાલુ**

રવિવાર, તા. ૧૩-૦૨-૨૦૨૨ થી તા. ૧૭-૦૨-૨૦૨૨ દરમ્યાન પંચાન્હીકા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.

શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના પ્રબળ પુણ્યોદયે વિ.સં. ૨૦૭૭નું પૂ. પં. શ્રી હ્રીંકારસુંદર વિજયજી મ.સા.નું ચાતુર્માસ પ્રાપ્ત થયું. ચાતુર્માસમાં પૂજ્યશ્રીના માર્ગદર્શનથી અનેક અવનવા આયોજનો થયા. સૂર્યના કિરણોના સ્પર્શ પામીને કમલની પાંદડીઓ વિકસીત થઈ ઊઠે તેમ પૂજ્યશ્રીના ધર્મ સત્સંગથી સંઘના ધર્મ સંસ્કારો પણ અભિવૃદ્ધિ પામતા રહ્યા. ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ ગુરુ ગૌતમ સ્વામીજીની પ્રતિષ્ઠા માટે પ્રેરણા કરી જેનો શ્રી સંઘે સહર્ષ સ્વીકાર કર્યો. સાથે સાથે શ્રી સંઘને પણ વર્ષોથી યુગાદિદેવ શ્રી આદિનાથ દાદાને પ્રતિષ્ઠિત કરવાની પ્રબળ ભાવના હતી. તે પણ સાકાર થતાં સંઘનું આંગણું **''સોહામણે ઘેર પર્વ દિવાળી''** ઉક્તિ અનુસાર સોહામણું બન્યું.

આ મહોત્સવ દરમ્યાન સવારે પ્રભાતીયા, પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન, શ્રી ગૌતમ સ્વામી પૂજન, શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજન, શ્રી ભક્તામર પૂજન, શ્રી ગૌતમ સ્વામી વંદના, શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજન, પાઠશાળાના બાળકો તથા વડીલો દ્વારા રજૂ થયેલ મનોરંજન કાર્યક્રમ તથા દરરોજ રાત્રે ભક્તિભાવનાના કાર્યક્રમો ઉત્સાહભેર ઉજવાયા.

આ પ્રસંગે શ્રી આદિશ્વર દાદા તથા શ્રી ગૌતમ સ્વામીજીની સ્થાપનાના ચઢાવા થયેલ, જેનો લાભ અનુક્રમે **શાહ બ્રધર્સ પરિવાર** તથા આપણા સમાજના ઢંઢેરવાડાના **શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ પરિવાર** દ્વારા લેવામાં આવેલ જેઓની અંતઃકરણપૂર્વક ભૂરિ ભૂરિ અનુમોદના. આ ઉપરાંત પાવન પ્રતિષ્ઠા પશ્ચાત બીજા દિવસે તા. ૧૮-૦૨-૨૦૨૨ શુક્રવારના દિને વહેલી સવારે દ્વાર ઉદ્‌ઘાટનનો ચઢાવો પણ કલ્પનાતીત રહ્યો. મહોત્સવ દરમ્યાન દરરોજ સકલસંઘ નવકારશીનું આયોજન રહ્યું હતું.

પ્રતિષ્ઠા પર્વ પ્રસંગે થનાર વિશાળ ખર્ચને પહોંચી વળવા રત્નસ્થંભ, સુવર્ણ સ્થંભ તથા રજત સ્થંભના સહયોગી દાતાની યોજનામાં પણ સંઘના પરિવારજનો ઉમળકાભેર સહભાગી થયા હતા.

**પરમપૂજ્ય સિદ્ધાંત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષ સૂરિશ્વરજી મહારાજાની આબેહુબ પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવી હતી, જેના થકી પૂજ્યશ્રીના સાક્ષાત્કારનો અલૌકિક અનુભવ સૌને થતો હતો.**

આ પર્વનું વિશિષ્ટ નજરાણું એટલે સંઘના બૃહદ કાર્યક્રમો સર્વે પરિવારોને ઘેર બેઠા મનભરી માણી શકે તેવા શુભ આશયથી યુ-ટ્યુબ દ્વારા તેનું જીવંત પ્રસારણ કરવામાં આવેલ, તેમજ પર્વ પ્રસંગે પ્રતિષ્ઠા અનુષ્ઠાન માટે મોટી LED સ્ક્રીન રાખવામાં આવેલ.

મહોત્સવમાં પ્રતિષ્ઠાના દિવસે સંધ્યા સમયે ઝાકમઝાળ રોશની તથા સંગીતની સુરાવલીઓ સહીતની મહાપુજાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં દાદા આદિશ્વર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય તથા નિર્વાણ કલ્યાણકોની અદભૂત રચનાઓ રજુ કરી દર્શનાર્થીઓના મન મોહી લેવામાં આવ્યા.

પંચાન્હીકા મહોત્સવના વિવિધ આયોજનમાં સખાવતી દાતાઓ ટ્રસ્ટીગણ, સંઘના કાર્યકરો દ્વારા તન-મન-ધનથી સહભાગી થઈ પૂર્ણ આયોજનને અપાર સફળતા અપાવી, એક યાદગાર સંભારણું બનાવવામાં આવેલ છે.

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**
ADVT

## સાભાર સ્વીકાર

**સમાજ વિકાસ કોરપસ ફંડ:**

૧,૦૦,૦૦,૦૦૮/-શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ જૈન શ્રી પાટણ જચૈન મંડળના મરીનડ્રાઈવ ખાતે આવેલ કોમ્યુનિટી હોલ પર ''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ'' નામકરણ અંગે.

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ જનરલ ફંડ:**

૫,૦૦,૦૦૦/- શ્રી વિપીનચંદ્ર મફતલાલ શાહ (કોકાનો પાડો)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી નીલાબેન લાલચંદ નાથાલાલ ગાંધી

**શિક્ષણ / મેડિકલ સહાય ફંડ :**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી જયલીલાબેન વિપીનચંદ્ર મફતલાલ શાહ પરિવાર (કોકાનો પાડો)
હ. શ્રીમતી નીશાબેન સંજયભાઈ શાહ,
શ્રીમતી ભાવનાબેન મીલનભાઈ શાહ,
શ્રીમતી દીપાબેન નીલેશભાઈ શાહ

૨,૦૦,૦૦૦/- શ્રી નવનીતલાલ મુલચંદ કાપડિયા (પોળની શેરી)

**મેડિકલ સહાય ભેટ :**

૨૧,૦૦૦/- શ્રીમતી રીટાબેન રાજેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો)

**સિનિયર સિટીઝન ભેટ:**

૧૧,૦૦૦/- શ્રીમતી કાંતાબેન કાંતિલાલ નાનાલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો) સ્વ. શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહના સ્મરણાર્થે.

**શિક્ષણ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી રેખાબેન રમેશચંદ્ર શાહ,
સ્વ. શ્રી રમેશચંદ્ર રસિકલાલ શાહના સ્મરણાર્થે (તંબોલી વાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૩,૧૦૦/- શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહના સ્મરણાર્થે (કનાસાનો પાડો)

**પાના નં. ૧૧થી ચાલુ**

પરિણામે તેઓ તેમનું મિત્ર વર્તુળ વિકસાવવામાં સફળ રહ્યા હતાં.

સાહિત્ય સર્જનનો અનેરા શોખને પરિણામે મંડળના અમૃત મહોત્સવ, નવ દાયકાની ઉજવણી, શતાબ્દી કે મરીનડ્રાઈવ ખાતે જિનાલયની સુવર્ણજયંતિ જેવા દરેક પ્રસંગો માટે સ્વ રચિત ગીત કે કાવ્યની રચના કરી તેની અનુમોદના કરવામાં સદાય અગ્રેસર રહ્યા હતા. શ્રીમતી અનસુયાબેન દ્વારા લગ્ન વિધિ તથા અન્ય સાહિત્ય લક્ષી પુસ્તિકાઓનું સંપાદન કરી પ્રકાશિત કરેલ. આ ઉપરાંત પણ નાની-મોટી મૌલિક રચનાઓ કરી સાહિત્ય ક્ષેત્રે પોતાનું યોગદાન આપતા રહ્યા હતા. સંસ્થા પ્રત્યેના અહોભાવને પરિણામે પોતાના સ્વાસ્થ્યની અનુકુળતા અનુસાર મહદ્અંશે વ્યવસ્થાપક સમિતિની સભાઓ તેમજ સંસ્થા દ્વારા યોજાતા સમારંભોમાં તેઓની હાજરી અવશ્ય રહેતી.

સદ્ગત શ્રીમતી અનસુયાબેનના નિધનથી મંડળને એક શુભેચ્છક અને કાર્યકર તથા સ્વજનની ન પુરાય તેવી ખોટ પડેલ છે. સદ્ગતશ્રીના વિશાળ પરિવારજનોના દુ:ખમાં શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સંસ્થાના કર્મચારીગણ શોકની લાગણી વ્યક્ત કરી, આદર સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતશ્રીના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના. ઓમ શાંતિ:...

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા પોરવાલ | ચિતારાની ખડકી | શારદાબેન હસમુખલાલ શાહ | ૮૪ | કાંદિવલી | ૧૮-૦૧-૨૨ | પોષ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | નીશાળનો પાડો | અનીલભાઈ અમૃતલાલ શાહ | ૭૧ | સુરત | ૧૮-૦૧-૨૨ | પોષ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | હેમંતભાઈ ભગવાનદાસ શાહ | ૬૬ | બોરીવલી | ૨૧-૦૧-૨૨ | પોષ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | શાંતાબેન બાબુલાલ શાહ | ૬૦ | પાટણ | ૨૧-૦૧-૨૨ | પોષ વદ ૦૩ |
| સાલવી | સાલવી વાડો | મંજુલાબેન હીરાલાલ સાલવી | ૯૨ | બોરીવલી | ૨૨-૦૧-૨૨ | પોષ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | અનસુયાબેન બાલુભાઈ શાહ | ૯૪ | મરીનડ્રાઈવ | ૨૫-૦૧-૨૨ | પોષ વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ | ૮૫ | મરીનડ્રાઈવ | ૩૧-૦૧-૨૨ | પોષ વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | બાબુ ધર્મેશભાઈ વિજયકુમાર ઝવેરી | ૫૫ | વાલકેશ્વર | ૦૧-૦૨-૨૨ | પોષ વદ ૩૦ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | કોમલબેન શિરીષભાઈ શાહ | ૫૧ | બોરીવલી | ૦૨-૦૨-૨૨ | મહા સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | નેત્રાવતી શાંતિલાલ શાહ | ૯૦ | દહીંસર | ૦૨-૦૨-૨૨ | મહા સુદ ૦૨ |
| | પોળની શેરી | નવીનભાઈ અમૃતલાલ શાહ | ૮૮ | અંધેરી | ૧૨-૦૨-૨૨ | મહા વદ ૧૧ |
| | માર.મહેતાનો પાડો | ચેતનભાઈ વૃજલાલ શાહ | ૭૩ | મલાડ | ૧૨-૦૨-૨૨ | મહા વદ ૧૧ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## શ્રદ્ધાંજલિ


શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ, સક્રિય કાર્યકર અને મુરબ્બી **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહનું** તા. ૨૫-૦૧-૨૦૨૨, મંગળવારના દિને ૯૪ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતાં, મંડળે દુ:ખની લાગણી અનુભવી.

શ્રીમતી અનસુયાબેન, શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૭૬-૭૭થી જોડાઈ સાડાચાર દાયકા પર્યંત ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી હતી. પાટણ ખાતે શ્રી દિવાળીબાઈ ઉદ્યોગશાળાની સ્થાપનાથી સળંગ ૨૫ વર્ષ પર્યંત માનદમંત્રી પદે રહીને તેના સર્વાંગી વિકાસમાં તન-મન-ધનથી અમુલ્ય ફાળો આપી પાટણ ખાતે ઉત્કૃષ્ટ કાર્ય કરેલ. આ ઉદ્યોગશાળામાં મધ્યમ વર્ગની બહેનોને ભરત-ગૂંથણની તાલીમ, સિવણ કામ તથા ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. જેના પરિણામે બહેનોને સ્વાશ્રયી અને સ્વાવલંબી બનાવવાની દીશાના દ્વાર ઉઘડ્યા હતા. આ ઉપરાંત સંસ્થાની વિવિધ સમિતિઓમાં સભ્ય રહેવા સાથે સ્ત્રી કેળવણી ક્ષેત્રે ઉત્કૃષ્ટ તથા સંસ્થાના વિકાસમાં અમૂલ્ય ફાળો આપેલ.

ધાર્મિક સંસ્કારોના પરિણામે યથા શક્તિ ધર્મધ્યાન, નાની મોટી તપશ્ચર્યાઓ કરતા હતા. મરીનડ્રાઈવ ખાતેના જિનાલયમાં સદ્ગતશ્રી દ્વારા જ્યારે પણ મધૂર કંઠે સ્તવનો રજૂ કરતા ત્યારે ઉપસ્થિત સહુ ભક્તિરસમાં લીન બની જતાં.

નિરાભીમાની, લાગણીશીલ, બાહોશ અને હસમુખા સ્વભાવના તથા વ્યવહાર કુશળ, શાંત, સરળ અને સૌજન્યશીલ વ્યવહારના

વધુ માટે જુઓ પાના નં. ૧૦

## કાળધર્મ


શ્રી શ્રમણરત્ન વિજયજી મ.સા.

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રી રામચંદ્ર સૂરિશ્વરજી મ.સા.ના** આજ્ઞાવર્તિ પ.પૂ. આચાર્ય શ્રી મિત્રાનંદ સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. આ.ભ. ભવ્યદર્શન સૂરિશ્વરજી મ.સા. ના શિષ્ય, પ.પૂ. આ. દેવ શ્રી મનમોહન સૂરિશ્વરજી મ.સા. તથા પ.પૂ. આ. દેવ શ્રી હેમ પ્રભ સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં **શ્રી શ્રમણરત્ન વિજયજી મ.સા. ૮૭ વર્ષની વયે હાલાર તીર્થ, વડાલીયા સિંહણ ખાતે પોષ વદ ૧૧, શુક્રવાર, તા. ૨૮-૦૧-૨૦૨૨ના રાત્રે ૧૧ કલાકે નવકાર મંત્રની ધુન સાંભળતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.**

પૂજ્યશ્રી સંસારી પક્ષે મારફતીયા મહેતાના પાડાના શ્રી ભગવાનદાસ લલ્લુચંદ ઝવેરીના સુપુત્ર, શ્રીમતી હસુમતીબેનના પતિ તથા શ્રી દિપકભાઈના પિતાશ્રી નામે શશિકાંતભાઈ હતા. જેઓએ સંસારી જીવનમાં લાગલગાટ ૩૩ વર્ષ ચોસઠ પ્રહરી પૌષધમાં અઠ્ઠાઈથી લઈ સોળ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી.

પૂજ્યશ્રીનો દિક્ષા પર્યાય ૨૨ વર્ષનો રહ્યો હતો જે દરમ્યાન પ્રાય: ૨૧ વર્ષ એકાસણાની તપશ્ચર્યા સુખસાતા પૂર્વક કરી કરોડો ઘાતી કર્મોનો નાશ કરેલ છે.

૭૭ વર્ષની જૈફ વયે પાલીતાણા મુકામે ૪૮ દિવસની સ્થિરતા દરમ્યાન ૨૮ વખત શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા કરી ભવોભવનું પૂણ્યનું ભાથુ બાંધ્યું હતું.

જેમની પાલખીયાત્રામાં તેમના પરિવારજનો તેમજ શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**



પધારો પધારો પધારો

નવનિર્મિત તીર્થ :
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ - ભેંસાવહી

વડોદરા થી ૭૬ કિ.મી.ના અંતરે (દોઢ કલાક)



ભેંસાવહી ગામે સુંદર નૂતન ચોવીસ જિનાલય તીર્થનું નિર્માણ થયું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. તેમજ એની વિશિષ્ટતારૂપે ૨૪ તીર્થંકર અને વિશ વિહરમાન સિમંધર સ્વામી - પરિસરની નયનરમ્ય રચના કરવામાં આવેલ છે. દરેક ભગવાનના પરિકરની રચના અલગ અને અદ્ભુત છે. સાથે જ અદ્યતન વ્યવસ્થા અને સુવિધાવાળી ધર્મશાળા અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. આ ધર્મશાળા અને ભોજનશાળાનો લાભ ''શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (માટલીવાલા) (કનાસાનો પાડો) પરિવારે'' લીધેલ છે. આપ સર્વે ભાવિકોને આ તીર્થમાં પધારી સેવા પૂજા દર્શનનો અચૂક લાભ લેવા વિનંતી. વિશ્વના ૧૦૦ જોવા લાયક સ્થળોમાં જેની ગણના થાય છે તે ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' અહીંથી માત્ર ૬૫ કિ.મી. (સવા કલાક)ના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત તેમજ તીર્થના દર્શન - સેવાપૂજા - નવકારશી આમ 'યાત્રા' તેમજ 'પર્યટન' બન્નેનો આનંદ લઈ શકશો.

વધુ વિગત માટે સંપર્ક :- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા મો. નં. 9930891985

ADVT

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● February 2022 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# મરીનડ્રાઈવ ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ અહેવાલ












શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ છ દાયકા અગાઉ સ્થાપાયેલ ગૃહ જિનાલયમાં મૂળ નાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી મહાવીર સ્વામી, શ્રી સુમતીનાથ ભગવાન શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા બિરાજમાન છે, હવે આ ગૃહ જિનાલયનું લગભગ પચાસ વર્ષથી શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ સંચાલન કરે છે. **પાલીતાણાની નવટૂંકમાની 'છીપાવસહી'ની ટૂંકમાં બિરાજમાન શ્રી શામળા આદિશ્વર ભગવાન,** તેમજ મરીનડ્રાઈવ સંઘ દ્વારા ભરાવવામાં આવેલ ગુરુ ગૌતમ સ્વામીની મંગલમય પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ. આચાર્ય ભગવંત વિજય મુક્તિવલ્લભ સૂરિશ્વરજી મ.સા., પૂ. પન્યાસ શ્રી પ્રશાંત વલ્લભ વિજયજી મ.સા., પૂ. પન્યાસ શ્રી હ્રીંકારસુંદર વિજયજી મ.સા.તેમજ શ્રમણી ગણનાયક પૂ. આ. દેવ શ્રી અભયશેખરસૂરિજી મ.સા.ના આજ્ઞાવર્તની પૂ. સાધ્વીજી શ્રી નિર્વાણપ્રભાજી મ. સા. આદિઠાણાની નિશ્રામાં

**અનુસંધાન પાના નં. ૯**

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,